REGISTERED No. GRJ-24

# he Gujarat Government Gazette

PPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

LIII] SATURDAY. 4TH MAY, 2002/VAISAKHA 14, 1924 [No. 14

ate paging is given to each part of the supplement to the Central Gazette Central Section in order that it may be filed as a separate compilation.

-II • **EXTRAORDINARY**

વડોદરા મહાનગરપાલિકા

વડોદરા

અધિસૂચના:

**મુસદારૂપ નગર રચના યોજના નં.૬૦ (ગોત્રી) વડોદરા**

આથી જાહેર કરવામાં આવે છે કે વડોદરા મહાનગરપાલિકા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ ની પેટા કલમ (૧) અન્વયે વડોદરા મહાનગરપાલિકાની સમગ્ર સભા તા.૨૯-૧૧-૦૧ ના ઠરાવ અંક નં.૨૭૭ થી તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો. ત્યાર બાદ ઉકત અધિનિયમની જોગવાઈઓ અનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ ૧૭ પ્રમાણે સદર યોજનાની કામચલાઉ દરખાસ્તો તૈયાર કરીને તેની સમજુતી આપવા માટે યોજના વિસ્તારના તમામ જમીન માલિકો હિત સંબધ ધરાવનાર વ્યકિતઓની એક જાહેર સભા તા.૩-૫-૨૦૦૨ નાં રોજ રાખવામાં આવેલ. સદર સભામાં કામચલાઉ દરખાસ્તો બાબતની વિગતવાર સમજૂતી આપવામાં આવેલ હતી. માલિકોની સભા બાદ મળેલ વાંધા સૂચનો ગુણવત્તાના ધોરણે ધ્યાને લેવામાં આવશે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૨ અન્વયે તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ના નિયમ ૧૮ ની જોગવાઈઓ અન્વયે યોજનાનો મુસદો લોકોના વાંધા સૂચનો મેળવવા સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. જે યોજના અન્વયે સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં હિતસંબધ ધરાવતી વ્યકિતઓ કે જમીન માલિકોએ પોતાના વાંધા સૂચનો

નગર રચના યોજના નં.૧૮ (આખરી) પ્રથમ ફેરફારની વિગત નીચે મુજબ છે.

| મુળ યોજના મુજબ | | ફેરફાર મુજબ | |
|---|---|---|---|
| આખરી ખંડ નં. | હેતુ | આખરીખંડ નં. | હેતુ |
| ૩૪૧ | ડીફેન્સ ડીપાર્ટમેન્ટ | ૩૪૧ | ડીફેન્સ ડીપાર્ટમેન્ટ (ક્ષેત્રફળમાં ફેરફાર) |
| ૩૪૨ | ખાનગી માલિક | ૩૪૨ | ખાનગી માલિક (સ્થળસ્થિતિ ફેરફાર) |
| ૩૪૩ | ખાનગી માલિક | ૩૪૩ | ખાનગી માલિક (સ્થળસ્થિતિ ફેરફાર) |
| ૩૬૨ | ગાર્ડન | ૩૬૨ | ગાર્ડન (ક્ષેત્રફળમાં ફેરફાર) |

મ્યુનિસિપલ કમિશ્નર.
મહાનગરપાલિકા.
વડોદરા.

---

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૪૯ (કતારગામ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસૂચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | : | મોજે : કતારગામ તથા વેડ નો બાકી રહેતો વિસ્તાર |
| દક્ષિણે | : | નગર રચના યોજના,સુરત નં. ૧૮ (કતારગામ) ની હદ |
| પૂર્વે | : | નગર રચના યોજના,સુરત નં. ૧૯(કતારગામ) ની હદ તથા તાપી નદી કાંઠા નો વિસ્તાર |
| પશ્ચિમે | : | નગર રચના યોજના,સુરત નં. ૩૫(કતારગામ) ની હદ |

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત

મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત.
તાઃ ૩ – ૫ –૨૦૦૨

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

## અધિસુચના

અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અંજાર.
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ- ૫(૩)(એ) હેઠળ સરકારશ્રી દ્વારા રચાયેલ અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ આથી તેની બોર્ડ બેઠકના ઠરાવ નં. ૨, તા. ૩.૫.૨૦૦૨થી અધિનિયમની કલમ-૪૧ની પેટા કલમ-૧ હેઠળ મુખ્ય કારોબારી અધિકારીશ્રીએ સહી કરેલ છે તે નકશામાં ગુલાબી રંગની ઘેરી લીટીથી દર્શાવેલ વિસ્તાર માટે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧ થી ૪ બનાવવાનો ઈરાદો જાહેર કરેલ છે. અધિનિયમની કલમ-૪૧ની પેટા કલમ-૩ હેઠળ આ નકશાની નકલ સત્તામંડળની નીચે દર્શાવેલ સરનામાવાળી કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

**યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સીટી સર્વે નંબરોની વિગત :-**

ચર્તુસીમાની અંદર આવતા તમામ સીટી સર્વે નંબરો

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧થી ૪માં આવરી લેવાયેલ જમીનોની ચતુઃ સીમાની વિગતો નીચે મુજબ છે.

### મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧

(ગંગાબજાર વિસ્તાર)

### પરિશિષ્ટ

ચર્તુસીમાની વિગત

ઉત્તરે : ૧૫-૦ મી. પહોળો રિંગ રોડ તથા ગંગાનાકા તથા સીદસર તળાવનો વિસ્તાર

દક્ષિણે : સુચિત નગર રચના યોજના નં-૨ની હદ તથા સી.સ.નં. ૨૧૯૫, ૨૫૩૨, ૨૫૬૩, ૨૭૦૧, ૨૮૧૨, ૨૮૧૪, ૨૮૦૩, ૩૧૨૬ વર્ષામેડીનાકા વિસ્તાર.

પુર્વે : ૧૫-૦ મી. પહોળો રિંગ રોડ તથા સી.સ.નં.-૩૧૬૭, ૩૧૬૮, ૩૧૭૧, ૩૧૭૨ તથા ભચાઉ તરફ જતો રસ્તો અને પેટ્રોલ પંપ વિસ્તાર.

પશ્ચિમે: સી.સ. નં. ૧૫૭૦, ૧૫૬૩, ૧૫૮૫, ૧૪૩૯, ૧૪૨૭, ૧૯૨૧, ૧૯૦૦, ૧૮૯૨, ૨૦૦૦, ૨૦૫૬ પૈકી તથા કુંભારોના માતાવાળો ચોક વિસ્તાર, કુંભાર ફળિયુ, અમરોવાળુ ફળિયું.

RJT-II(Ext.)-2